# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

NAAC A (3.02) State University

પો.બો.નં.–૨૧, યુનિવર્સિટી રોડ, પાટણ (ઉ.ગુ.) ૩૮૪૨૬૫

ફોન:(૦૨૭૬૬) ૨૨૨૭૪૫, ૨૩૦૫૨૯, ૨૩૦૭૪૩, ૨૩૩૬૪૮ ફેક્સ : (૦૨૭૬૬) ૨૩૧૯૧૭

Email : regi@ngu.ac.in Website : www.ngu.ac.in


પરિપત્ર નં.- ૮૮/૨૦૨૫ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦

વિષય: વિનયન વિદ્યાશાખા હેઠળના સ્નાતક કક્ષાના સેમેસ્ટર-૫ અને ૬ના શૈ.વર્ષ: ૨૦૨૫-૨૬થી ક્રમશ: અમલમાં આવતા અભ્યાસક્રમ/પરીક્ષા સ્કીમ અંગે.

આ યુનિવર્સિટી સંલગ્ન વિનયન વિદ્યાશાખા હેઠળની તમામ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, વિનયન વિદ્યાશાખાની તારીખ: ૧૯/૦૪/૨૦૨૫ના રોજ મળેલ સભાના નિર્દિષ્ટ ઠરાવોથી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અંતર્ગત UGCની Guideline મુજબ વિનયન વિદ્યાશાખા હેઠળના નીચેના વિષયોના સ્નતાક કક્ષાના સામેલ પરિશિષ્ટ પ્રમાણેના નવા અભ્યાસક્રમો માન.કુલપતિશ્રીએ એકેડેમિક કાઉન્સિલવતી સ્વીકારી શૈક્ષણિક વર્ષ: ૨૦૨૫-૨૬ થી ક્રમશ: અમલમાં આવે તે રીતે મંજુર કરેલ છે, જેનો અમલ કરવા સારૂ સબંધિતોને આ સાથે સામેલ રાખી મોકલવામાં આવે છે.

| ક્રમ | અભ્યાસક્રમ | ઠરાવ ક્રમાંક | સેમેસ્ટર |
|---|---|---|---|
| ૧ | બી.એ. ગુજરાતી | ૦૨ | સેમેસ્ટર ૫ અને ૬ |
| ૨ | બી.એ. હિન્દી | ૦૩ | સેમેસ્ટર ૫ અને ૬ |
| ૩ | બી.એ. સંસ્કૃત | ૦૪ | સેમેસ્ટર ૫ અને ૬ |
| ૪ | બી.એ. અંગ્રેજી | ૦૫ | સેમેસ્ટર ૫ અને ૬ |
| ૫ | બી.એ. ઈતિહાસ | ૦૬ | સેમેસ્ટર ૫ અને ૬ |
| ૬ | બી.એ. સમાજશાસ્ત્ર | ૦૭ | સેમેસ્ટર ૫ અને ૬ |
| ૭ | બી.એ. મનોવિજ્ઞાન | ૦૮ | સેમેસ્ટર ૫ અને ૬ |
| ૮ | બી.એ. ફાઈન આર્ટસ | ૦૯ | સેમેસ્ટર ૫ અને ૬ |
| ૯ | બી.એ. રાજ્યશાસ્ત્ર | ૧૦ | સેમેસ્ટર ૫ અને ૬ |
| ૧૦ | બી.એ. અર્થશાસ્ત્ર | ૧૧ | સેમેસ્ટર ૫ અને ૬ |
| ૧૧ | બી.એ. પ્રાકૃત | ૧૨ | સેમેસ્ટર ૫ અને ૬ |
| ૧૨ | બી.એ. ડીફેન્સ સ્ટડીઝ | ૧૩ | સેમેસ્ટર ૫ અને ૬ |
| ૧૩ | બી.એ. ફિલોસોફી | ૧૪ | સેમેસ્ટર ૫ અને ૬ |
| ૧૪ | બી.એ. ભૂગોળ | ૧૫ | સેમેસ્ટર ૫ અને ૬ |
| ૧૫ | બી.એ. અરેબીક, ઉર્દુ, પર્શિયન | ૧૬ | સેમેસ્ટર ૫ અને ૬ |

સદર બાબતની જાણ આપના સ્તરેથી અધ્યાપકશ્રીઓ તથા વિદ્યાર્થીઓને કરવા વિનંતી છે.

નોંધઃ (૧) વિદ્યાર્થીઓની જરૂરીયાત માટે પરીપત્રની એક નકલ કોલેજના / ડિપાર્ટમેન્ટના ગ્રંથાલયમાં મૂકવાની રહેશે.

(૨) આ પરીપત્ર યુનિવર્સિટીની વેબસાઇટ www.ngu.ac.in પર પણ ઉપલબ્ધ કરવામાં આવેલ છે. આથી સંબિધત કોલેજોને ડાઉનલોડ કરી ઉપયોગ કરવા સારૂ જણાવવામાં આવે છે.

બિડાણઃ ઉપર મુજબ

કુલસચિવ

નં-એકે/સ.મં.-૨/અXસ/૭૮૫ /૨૦૨૫
તારીખઃ૦૭ / ૦૫/૨૦૨૫

નકલ રવાના : જાણ તથા ઘટતી કાર્યવાહી સારૂ.

૧. ડીનશ્રી, વિનયન વિધાશાખા તરફ.
૨. વિનયન વિધાશાખા હેઠળની કોલેજોના આચાર્યશ્રીઓ તરફ
૩. પરીક્ષા નિયામકશ્રી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ.
૪. કો-ઓર્ડીનેટરશ્રી- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી, પાટણ.
૫. ડાયરેક્ટરશ્રી – IQAC, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી, પાટણ.
૬. ગ્રંથપાલશ્રી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ.
૭. માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીનું કાર્યાલય હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ.
૮. સિસ્ટમ એનાલીસ્ટશ્રી, કોમ્પ્યુટર (રીઝલ્ટ સેન્ટર) હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી, પાટણ.
૯. પ્રવેશ પ્ર-શાખા, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી, પાટણ
૧૦. મહેકમ શાખા, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી, પાટણ. (૨ નકલ)

## હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

## વિનયન વિદ્યાશાખા

## રાષ્ટ્રીય શિક્ષણનીતિ ( NEP – 2020 ) પ્રમાણેનો

## B. A. (Semester 5 & 6) - ગુજરાતી વિષયનો અભ્યાસક્રમ

## અભ્યાસક્રમના હેતુઓ (Outcomes)

૧. વિદ્યાર્થીઓની સાહિત્યિકદૃષ્ટિ, કલ્પનાદૃષ્ટિ અને સૌંદર્યદૃષ્ટિ વિકસે.
૨. સાહિત્ય એ સમાજનું દર્પણ છે, સમાજનું પ્રતિબિંબ છે એટલે સમાજ અને સાહિત્યની બદલાતી ક્ષિતિજો અભ્યાસક્રમ દ્વારા વિદ્યાર્થીઓ જાણે.
૩. સ્વરૂપ અને વિષયવૈવિધ્યની દૃષ્ટિએ સાહિત્યનો અભ્યાસ કરે.
૪. સાહિત્યિક કૃતિઓ દ્વારા વિદ્યાર્થીઓ ભાષાભિમુખ, સાહિત્યાભિમુખ, કલાભિમુખ અને જીવનાભિમુખ બને.
૫. વિદ્યાર્થીઓમાં ભાષાસજ્જતા અને ભાષાકૌશલનો વિકાસ થાય.
૬. વિદ્યાર્થીઓ ભાષા – સાહિત્યના અધ્યયન દ્વારા સામાજિક ઉત્તરદાયિત્વનો ખ્યાલ કેળવે.
૭. વિદ્યાર્થીઓ ભારતીયતાના ભાવ – વિચાર – વારસો – સંસ્કૃતિને જાણે.
૮. વિદ્યાર્થીઓ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે સક્ષમ બને.
૯. વિદ્યાર્થીઓમાં સર્જનકૌશલ અને લેખનકૌશલ વિકસે.
૧૦. સાહિત્યના અધ્યયન દ્વારા ચારિત્ર્યનિર્માણ થાય.
૧૧. સાહિત્ય દ્વારા જીવનમૂલ્યો અને નૈતિકમૂલ્યોનું જતન અને સંવર્ધન થાય.
૧૨. વિદ્યાર્થીઓ સંવેદનશીલ બને. ભારતીય અને વિશ્વના નાગરિકો પ્રત્યે બંધુત્વભાવ અને સમભાવ કેળવે.
૧૩. 'હું ગૂર્જર- ભારતવાસી' એવી ભાવના દૃઢ કરે.
૧૪. વિશ્વબંધુત્વની ભાવના કેળવે.
૧૫. વ્યકિતગત જીવન સાથે સમષ્ટિનું જીવન દેદીપ્યમાન બનાવવાની ઝંખના રાખે.

| Semester | Discipline | Course Code | Course Name | Unit | Internal Marks | External Marks | Course Credit |
|---|---|---|---|---|---|---|---|
| 5 | Major | AR23MJDSCGUJ501 | ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ : અર્વાચીન - ૧ | 4 | 50 | 50 | 4 |
| 5 | Major | AR23MJDSCGUJ501A | ભાષાના સ્વરૂપનો અભ્યાસ - ૧ | 4 | 50 | 50 | 4 |
| 5 | Major | AR23MJDSCGUJ501B IKS | ભારતીય સાહિત્યસિદ્ધાંત | 4 | 50 | 50 | 4 |
| 5 | Minor | AR23MIDSCGUJ502 | અપઠિત લેખનકૌશલ | 4 | 50 | 50 | 4 |
| 5 | Minor | AR23MIDSCGUJ502A | લોકપ્રિય સાહિત્ય (નવલકથા) | 4 | 50 | 50 | 4 |
| 5 | SEC | AR23SECGUJ506 | ભાષા સજ્જતા અને લેખનકૌશલ-૫ | 3 | 25 | 25 | 2 |
| 5 | SEC | AR23SECGUJ506A | વ્યવહારભાષા-૫ | 3 | 25 | 25 | 2 |
| 5 | SEC | AR23SECGUJ506B | અનુવાદકલા-૫ | 3 | 25 | 25 | 2 |
| 6 | Major | AR23MJDSCGUJ601 | ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ :અર્વાચીન- ૨ | 4 | 50 | 50 | 4 |
| 6 | Major | AR23MJDSCGUJ601A | ભાષાના સ્વરૂપનો અભ્યાસ - ૨ | 4 | 50 | 50 | 4 |
| 6 | Major | AR23MJDSCGUJ601B | સાહિત્યસિદ્ધાંતવિચાર | 4 | 50 | 50 | 4 |
| 6 | Minor | AR23MIDSCGUJ602 | ભાષાસજ્જતા અને કૃતિપરિચય | 4 | 50 | 50 | 4 |
| 6 | AEC | AR23AECGUJ604 | સાહિત્યકૃતિનો અભ્યાસ | 3 | 25 | 25 | 2 |

## HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

**EFFECTIVE FROM JUNE 2023-24 UNDER NEP**

**PROGRAMME CODE : ARTUG101**
**COURSE CODE : AR23MJDSCGUJ501**
**SEMESTER : 05**
**COURSE NAME : ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ : અર્વાચીન - ૧**

| Total Credits : 04 ( 04 Period/Week ) | Theory | External –50 Marks<br>Internal –50 Marks |
|---|---|---|

**પાઠ્યક્રમના હેતુઓ : વિદ્યાર્થીઓ -**

- મધ્યકાલીન સાહિત્ય અને અર્વાચીન સાહિત્ય વચ્ચેનો ભેદ સમજે.
- અર્વાચીન સાહિત્યનાં ઘડતર પરિબળોની સમજ કેળવે.
- સુધારક, પંડિત અને ગાંધીયુગની લાક્ષણિકતાઓનો પરિચય કરે.
- મહત્ત્વનાં સર્જકો અને પ્રતિનિધિરૂપ કૃતિઓના સંપર્કમાં આવે.

| અ.નં. | એકમ | | ક્રેડિટ | કલાક |
|---|---|---|---|---|
| 1 | 1 | **અર્વાચીનયુગ : ઉદય અને ઘડતરબળો :**<br>(૧) મધ્યકાલીન સાહિત્ય અને અર્વાચીન સાહિત્ય : તુલનાત્મક અવલોકન<br>( ૨) અર્વાચીન સાહિત્યનાં ઘડતરબળો | 1 | અઠવાડિક ચાર કલાક |
| 2 | 2 | **યુગપરિબળો અને લક્ષણો :**<br>( ૧ ) સુધારકયુગ : ઘડતરબળો અને લક્ષણો<br>( ૨ ) પંડિતયુગ : ઘડતરબળો અને લક્ષણો<br>( ૩ ) ગાંધીયુગ : ઘડતરબળો અને લક્ષણો | 1 | |
| 3 | 3 | **સાહિત્યકારો અને તેમનું પ્રદાન :** (ચારમાંથી કોઈપણ બે)<br>(૧) સુધારકયુગના સાહિત્યકારો : દલપતરામ, નર્મદ, નવલરામ<br>(૨) પંડિતયુગના સાહિત્યકારો : ગોવર્ધનરામ, ન્હાનાલાલ, બ.ક. ઠાકોર<br>(૩) ગાંધીયુગના સાહિત્યકારો : ક. મા. મુનશી, ઉમાશંકર જોશી, પન્નાલાલ પટેલ | 1 | |
| 4 | 4 | **કૃતિ-પરિચય :** (ચારમાંથી કોઈપણ બે)<br>૧. કરણઘેલો : નંદશંકર મહેતા<br>૨. કુસુમમાળા : નરસિંહરાવ દિવેટિયા<br>૩. રાઈનો પર્વત. : રમણભાઈ નીલકંઠ<br>૪. પૂર્વાલાપ : કાન્ત<br>૫. તણખા મંડળ -૧ : ધૂમકેતુ | 1 | |

| | | | | |
|---|---|---|---|---|
| | | ૬. યુગવંદના : ઝવેરચંદ મેઘાણી<br>૭. અમાસના તારા : કિશનસિંહ ચાવડા<br>૮. કાવ્યમંગલા : સુન્દરમ્<br>૯. સત્યના પ્રયોગો : ગાંધીજી<br>૧૦. હિમાલયનો પ્રવાસ : કાકાસાહેબ કાલેલકર | | |

**સંદર્ભગ્રંથો** :

૧. ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ – ૩-૪-૫-૬-૭ : ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ
૨. અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા : ધીરુભાઈ ઠાકર
૩. અર્વાચીન કવિતા : સુન્દરમ્
૪. અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ : રતિલાલ સાં. નાયક, સોમાભાઈ વી. પટેલ : અનડા પ્રકાશન
૫. અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ : પ્રસાદ બ્રહ્મભટ્ટ
૬. અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ : રમેશ ર. દવે
૭. ' રાઈનો પર્વત ' વિશે : પ્રિ. ઘનશ્યામ ગઢવી – ' સંવિદ ', AGAS , ૨૦૦૪
૮. ગીતકવિ સુન્દરમ્ : ડૉ. રાજેશ ત્રિવેદી

**EFFECTIVE FROM JUNE 2023-24 UNDER NEP**

**PROGRAMME CODE : ARTUG101**
**COURSE CODE : AR23MJDSCGUJ501A**
**SEMESTER : 05**
**COURSE NAME : ભાષાના સ્વરૂપનો અભ્યાસ - ૧**

| Total Credits : 04 ( 04 Period/Week ) | Theory | External –50 Marks<br>Internal –50 Marks |
|---|---|---|

**પાઠ્યક્રમના હેતુઓ : વિદ્યાર્થીઓ -**

- ભાષાની સંજ્ઞા અને સ્વરૂપ સમજે.
- ભાષાના ઉપયોગો અને તેના કાર્યક્ષેત્રનો પરિચય મેળવે.
- ભાષા અને બોલીના ભેદને સમજે.
- ભાષાની ઉચ્ચારણપ્રક્રિયા અને ઉચ્ચારણઅંગોની સમજ કેળવે.
- ભાષા સજ્જતા વિકસાવે.

| અ.નં. | એકમ | | ક્રેડિટ | કલાક |
|---|---|---|---|---|
| 1 | 1 | (૧) 'ભાષા' – સંજ્ઞા , વિવિધ વ્યાખ્યાઓને આધારે ભાષાનાં મહત્ત્વનાં સ્વરૂપ-લક્ષણો<br>(૨) ભાષાનાં વિવિધ કાર્યો – ઉપયોગો<br>(3) ભાષા અને માનવસમાજ<br>(૪) 'ભાષા' શબ્દના વિવિધ અર્થો | 1 | અઠવાડિક ચાર કલાક |
| 2 | 2 | (૧) માન્ય ભાષા અને બોલી<br>(૨) ઉચ્ચરિત અને લેખિત ભાષાના સ્વરૂપભેદો – ભાષા અને લિપિ<br>(3) ભાષાના સામાજિક- સાંસ્કૃતિક – પ્રાસંગિક સ્વરૂપભેદો<br>(૪) ગુજરાતની પ્રાદેશિક બોલીઓ | 1 | |
| 3 | 3 | (૧) ભાષાની ઉચ્ચારણપ્રક્રિયા અને ઉચ્ચારણઅવયવોનું કાર્ય<br>(૨) ભાષાના ધ્વનિઘટકો અને માન્ય ગુજરાતીના સ્વરો<br>(3) માન્ય ગુજરાતીના અનુનાસિકો | 1 | |
| 4 | 4 | ટૂંક નોંધો. (ચારમાંથી કોઈપણ બે)<br>(૧) સંયોજકો<br>(૨) નિપાતો<br>(3) ક્રિયાવિશેષણ અને તેના પ્રકાર<br>(૪) અંગસાધક પ્રત્યયો (સંસ્કૃત – તત્સમ પૂર્વ અને પરપ્રત્યયો)<br>(૫) કૃદંત અને તેના પ્રકાર | 1 | |

સંદર્ભગ્રંથો :
૧. ભાષા પરિચય અને ગુજરાતી ભાષાનું સ્વરૂપ : જયંત કોઠારી – ગૂર્જર
૨. ગુજરાતી ભાષાનું ધ્વનિસ્વરૂપ અને ધ્વનિપરિવર્તન : પ્રબોધ પંડિત
૩. ગુજરાતી ભાષા – ઉદ્ભવ, વિકાસ અને સ્વરૂપ : ડૉ. કે.બી. વ્યાસ
૪. ભાષાવિજ્ઞાન – ખંડ -૧ : ડૉ. કે. બી. વ્યાસ
૫. વ્યુત્પત્તિવિચાર : ડૉ. હરિવલ્લભ ભાયાણી
૬. બોલીવિજ્ઞાન અને ગુજરાતની બોલીઓ : ડૉ. યોગેન્દ્ર વ્યાસ
૭. ભાષાસમજ અને સાહિત્ય : ડૉ. યોગેન્દ્ર વ્યાસ
૮. ભાષાનો વૈજ્ઞાનિક અભ્યાસ : ડૉ. યોગેન્દ્ર વ્યાસ
૯. ગુજરાતી વ્યાકરણ : ડૉ. યોગેન્દ્ર વ્યાસ
૧૦. ગુજરાતી વાક્યરચના : ડૉ. અરવિંદ ભાંડારી
૧૧. ભાષા અને ગજરાતી ભાષા : કે.કા. શાસ્ત્રી

# HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

**EFFECTIVE FROM JUNE 2023-24 UNDER NEP**

**PROGRAMME CODE : ARTUG101**
**COURSE CODE : AR23MJDSCGUJ501BIKS**
**SEMESTER : 05**
**COURSE NAME : ભારતીય સાહિત્યસિદ્ધાંત**

| | | |
|---|---|---|
| Total Credits : 04 ( 04 Period/Week ) | Theory | External –50 Marks<br>Internal –50 Marks |

**પાઠ્યક્રમના હેતુઓ : વિદ્યાર્થીઓ ભારતીય સાહિત્યસિદ્ધાંત અંતર્ગત -**

- કલા એટલે શું, એ વિશે સમજણ કેળવે.
- સાહિત્યકલાની વિશેષતાઓ જાણે.
- સાહિત્યનાં પ્રયોજનો વિશે જાણે.
- કાવ્ય વિશે સાચી સમજ વિકસાવે.
- સાહિત્યનાં પાયાના સિદ્ધાંતોથી પરિચિત થાય.

| અ.નં. | એકમ | | ક્રેડિટ | કલાક |
|---|---|---|---|---|
| 1 | 1 | **સાહિત્યકલા : ૧**<br>**(૧)** કલાની વ્યાખ્યા ,લલિત અને લલિતેતર કલાઓ ,સાહિત્ય કલાની વિશેષતાઓ ,લલિત અને લલિતેતર સાહિત્ય<br>(૨ ) શબ્દનું સ્વરૂપ ( વર્ણ – અર્થ – લય ) ,<br>તાત્પર્યશક્તિ ( આકાંક્ષા – યોગ્યતા – સન્નિધિ )<br>(3) સાહિત્યભાષા અને વ્યવહારની ભાષા | 1 | અઠવાડિક ચાર કલાક |
| 2 | 2 | **સાહિત્યકલા : ૨**<br>(૧) સાહિત્યનાં પ્રયોજનો – પ્રાચીન ભારતીય અને અર્વાચીન પાશ્ચાત્ય દૃષ્ટિએ<br>(૨) શબ્દની શક્તિ : અભિધા, લક્ષણા, વ્યંજના<br>( 3 ) લક્ષણાના છ પ્રકાર<br>(૪) અલંકારનું કાવ્યમાં સ્થાન | 1 | |
| 3 | 3 | **કાવ્યકલા :**<br>**(૧)** કાવ્યની વ્યાખ્યા<br>( ભામહ, કુંતક, મમ્મટ , વિશ્વનાથ, પ્લેટો, એરિસ્ટોટલ, વર્ડ્ઝવર્થ, મેથ્યૂ આર્નોલ્ડ – ની વ્યાખ્યાઓના સંદર્ભે )<br>(૨) કાવ્યહેતુ<br>(3) કાવ્યના પ્રકાર ( ધ્વનિકાવ્ય, મધ્યમકાવ્ય, ચિત્રકાવ્ય ) | 1 | |

| | | | | |
|---|---|---|---|---|
| 4 | 4 | **સર્જન – ભાવન – વિચારવલણો :** (ચારમાંથી કોઈપણ બે)<br>(૧) અનુભૂતિનું સાહિત્યમાં રૂપાંતર<br>(૨) સાધારણીકરણ<br>(૩) સાહિત્યમાં પરંપરા અને પ્રયોગ<br>(૪) ભરતનું રસસૂત્ર<br>(૫) કાવ્ય અને નીતિ | 1 | |

સંદર્ભગ્રંથો :

૧. કાવ્યપ્રકાશ : સં. નરોત્તમ શાસ્ત્રી તથા અન્ય
૨. કાવ્યપ્રકાશ : આચાર્ય મમ્મટ, અનુવાદ : નગીનદાસ પારેખ
૩. સાહિત્યમાં આધુનિકતા : સુમન શાહ
૪. સાહિત્યમીમાંસા : મણિલાલ હ. પટેલ, હરીશ પંડિત ( પાર્શ્વ )
૫. ભારતીય સાહિત્યમીમાંસા : ડૉ. બહેચરભાઈ પટેલ
૬. અભિનવનો રસવિચાર અને બીજા લેખો : નગીનદાસ પારેખ
૭. ભારતીય કાવ્યસિદ્ધાંત : જયંત કોઠારી, નટુભાઈ રાજપરા
૮. કાવ્યપ્રકાશ (ઉલ્લાસ: ૧-૨-૩-૧૦) સં. ગૌતમ પટેલ તથા અન્ય

## HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

**EFFECTIVE FROM JUNE 2023-24 UNDER NEP**

**PROGRAMME CODE : ARTUG101**
**COURSE CODE : AR23MIDSCGUJ502**
**SEMESTER : 05**
**COURSE NAME : અપઠિત લેખનકૌશલ**

| | | |
|---|---|---|
| Total Credits : 04 ( 04 Period/Week ) | Theory | External –50 Marks<br>Internal –50 Marks |

**પાઠ્યક્રમના હેતુઓ : વિદ્યાર્થીઓ -**

- સમજશક્તિ અને લેખનકૌશલ વિકસાવે.
- કલ્પનાશક્તિ સતેજ બનાવે.
- મૌલિક રીતે વિચારતા, લખતા થાય.
- ભાષા સજ્જતા વધારે.
- કાવ્યોનું પરિશીલન કરતા થાય અને આસ્વાદમૂલક ચર્ચા કરતાં શીખે.

| અ.નં. | એકમ | | ક્રેડિટ | કલાક |
|---|---|---|---|---|
| 1 | 1 | **સારલેખન / સંક્ષેપ :**<br>(પરીક્ષામાં એકબીજાના વિકલ્પે બે ગદ્યખંડ પુછાશે. વિદ્યાર્થીએ કોઈ એકનો સારાંશ લખવાનો રહેશે. ) | 1 | અઠવાડિક ચાર કલાક |
| 2 | 2 | **અર્થવિસ્તાર :**<br>વિદ્યાર્થીએ કાવ્યપંક્તિ કે ગદ્યકંડિકાનો અર્થવિસ્તાર / વિચારવિસ્તાર કરવાનો રહેશે.<br>પરીક્ષામાં ચાર પંક્તિ પુછાશે, ગમે તે બેનો અર્થ વિસ્તાર કરવાનો રહેશે. | 1 | |
| 3 | 3 | **કાવ્યની આસ્વાદમૂલક સમીક્ષા :**<br>(એકબીજાના વિકલ્પે બે કાવ્ય પુછાશે, ગમે તે એકની આસ્વાદમૂલક સમીક્ષા કરવાની રહેશે.) | 1 | |
| 4 | 4 | **રૂઢિપ્રયોગો અને કહેવતો : (૦૬ + ૦૬ ગુણ)**<br>(૧) રૂઢિપ્રયોગનો અર્થ લખી એ અર્થ સાર્થક થાય એવું વાક્ય લખવાનું રહેશે.<br>**પાંચ રૂઢિપ્રયોગ પુછાશે, ગમે તે ત્રણના જવાબ લખવાના રહેશે.**<br>(૨) કહેવતનો અર્થ લખી સાર્થક વાક્યપ્રયોગ લખવાનો રહેશે.<br>**પાંચ કહેવત પુછાશે, ગમે તે ત્રણના જવાબ લખવાના રહેશે.** | 1 | |
| **સંદર્ભગ્રંથો :** | | | | |

૧. ગુજરાતી કવિતાનો આસ્વાદ : સુરેશ જોષી
૨. ગુજરાતી કવિતાવૈભવ : મનસુખલાલ ઝવેરી
૩. સાહિત્યનો આસ્વાદ : મણિલાલ હ. પટેલ
૪. રૂઢિ પ્રયોગો, કહેવતો અને છંદ અલંકાર : પ્રસાદ બ્રહ્મભટ્ટ
૫. અપઠિત લેખનકૌશલ અને પરિશીલન : નીતિન વડગામા
૬. ૩૯ કાવ્યાસ્વાદો : પ્રસાદ બ્રહ્મભટ્ટ
૭. વિચારવિસ્તાર, છંદ, અલંકાર : નટુભાઈ ઠક્કર
૮. ગુજરાતી કવિતા – આસ્વાદ અને અવબોધ : બિપિન આશર
૯. સાહિત્યાયન : બાબુ દાવલપુરા
૧૦. કાવ્યસમીક્ષા અને ગદ્યસમીક્ષા : બાબુ દાવલપુરા

## HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

**EFFECTIVE FROM JUNE 2023-24 UNDER NEP**

**PROGRAMME CODE : ARTUG101**
**COURSE CODE : AR23MIDSCGUJ502A**
**SEMESTER : 05**
**COURSE NAME : લોકપ્રિય સાહિત્ય (નવલકથા)**

**નિયત કૃતિ : એકલતાના કિનારા**

**લેખક : ચંદ્રકાંત બક્ષી**

**પ્રકાશક : પ્રવીણ પ્રકાશન પ્રા. લિ., રાજકોટ**

| Total Credits : 04 ( 04 Period/Week ) | Theory | External –50 Marks<br>Internal –50 Marks |
|---|---|---|

**પાઠ્યક્રમના હેતુઓ : વિદ્યાર્થીઓ -**

- લોકપ્રિય સાહિત્યની વિભાવના સમજે.
- લોકપ્રિય સાહિત્ય અને શિષ્ટ સાહિત્ય વચ્ચેનો ભેદ સમજે.
- લોકપ્રિય સાહિત્યકૃતિઓનો અભ્યાસ કરે.
- લોકપ્રિય સાહિત્યનાં પ્રેરકબળો વિશે જાણે.

| અ.નં. | એકમ | | ક્રેડિટ | કલાક |
|---|---|---|---|---|
| 1 | 1 | (૧) લોકપ્રિય સાહિત્યની વિભાવના, લક્ષણો અને પ્રેરકબળો<br>(૨) શિષ્ટ સાહિત્ય અને લોકપ્રિય સાહિત્ય વચ્ચેનો ભેદ<br>(3) લોકભોગ્ય અને લોકપ્રિય વચ્ચેનો ભેદ | 1 | અઠવાડિક ચાર કલાક |
| 2 | 2 | (૧) કથાસાહિત્યમાં ચંદ્રકાન્ત બક્ષીનું પ્રદાન<br>(૨) ચંદ્રકાન્ત બક્ષીની લોકપ્રિય નવલકથાઓ (પરિચયાત્મક ખ્યાલ) | 1 | |
| 3 | 3 | (૧) 'એકલતાના કિનારા' – કૃતિની આસ્વાદમૂલક સમીક્ષા<br>(૨) ચંદ્રકાન્ત બક્ષીના સર્જક વિશેષો **(એકબીજાના વિકલ્પે પ્રશ્ન પુછાશે.)** | 1 | |
| 4 | 4 | કૃતિ આધારિત ટૂંક નોંધો<br>જેમ કે, નવલકથાનું ગદ્ય, ચરિત્રનિરૂપણ, વગેરે... | 1 | |

સંદર્ભગ્રંથો :


૧. ગુજરાતી નવલકથા : રઘુવીર ચૌધરી

૨. આપણી કથા : જયંત ગાડીત

3. ચંદ્રકાન્ત બક્ષીથી ફેરો : સુમન શાહ

૪. અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા : ધીરુભાઈ ઠાકર

૫. ગુજરાતી કથાવિશ્વ ( નવલકથા ) : બાબુ દાવલપુરા , નરેશ વેદ

૬. ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ: ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ

૭. અનુઆધુનિક સાહિત્ય સંજ્ઞાકોશ : જયંત ગાડીત